શંકાસ્પદ રોગોને નાથવામાં કે અંકુશમાં લેવા માટે આરોગ્ય તંત્ર ખાડે ગયું હોય તેવું જણાઇ રહ્યું છે

# સયાજી હોસ્પિટલ ખાતે શંકાસ્પદ સેન્ડફ્લાય વાયરસથી બાળકનું મોત, 3 બાળકો સારવાર હેઠળ

**બે બાળકો** આઇ.સી.યુ.મા દાખલ જ્યારે એકને આઇ.સી.યુ.માંથી વોર્ડમાં શિફ્ટ કરાયો

(પ્રતિનિધી) વડોદરા તા.5

પંચમહાલ અને દાહોદ જિલ્લાના માટીનાં ઘરમાંથી ઉદભવતા શંકાસ્પદ સેન્ડફ્લાયથી થતી ગંભીર બીમારીમાં ત્રણ બાળકો સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બે બાળકો હાલમાં આઈ.સી.યુ.માં સારવાર હેઠળ છે જ્યારે એક બાળકને આઈ.સી.યુ.બાદ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યું છે આરોગ્ય વિભાગના દાવા મુજબ દર્દીને તાત્કાલિક સારવાર અપાઈ રહી છે પરંતુ આમાં એક બાળકનું દુઃખદ અવસાન થતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

હાલમાં રાજ્યમાં ચોમાસાની ઋતુમા વરસાદ પડી રહ્યો છે ત્યારે પંચમહાલ અને દાહોદ જિલ્લામાં માટીનાં કાચા મકાનોમાં પેદા થતી શંકાસ્પદ સેન્ડફ્લાયનાં કારણે બાળકોને તાવ, ઉલ્ટી- ઝાડાની અને ખેંચની બિમારી થઈ રહી છે.આ પ્રકારની બીમારી નાના બાળકો થી 10 વર્ષ સુધીના બાળકોને ઝડપથી નબળા કરી મોત તરફ લઈ જાય છે. હાલમાં મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની એસ.એસ.જી.હોસ્પિટલમા પંચમહાલ અને દાહોદ જિલ્લા માંથી ચાર બાળકોમાં શંકાસ્પદ સેન્ડફ્લાય રોગના આઠ મહિના થી આઠ વર્ષ સુધીના બાળકોને તાવ, ઝાડા ઉલટી અને ખેંચ ના લક્ષણો સાથે દાખલ કરવામાં આવ્યા છે જેમાં બે બાળ દર્દીઓ આઈ.સી.યુ. વિભાગમાં હાલ દાખલ છે અને એક બાળકને આઈ.સી.યુ.માથી વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યું છે તેઓના રિપોર્ટ ગાંધીનગર મોકલવામાં આવ્યા છે જેના રિપોર્ટ હજી આવવાના બાકી છે જ્યારે દાહોદ જિલ્લાના એક વર્ષના બાળકનું મોત થયું છે અને તાત્કાલિક અન્યના સેમ્પલ ગાંધીનગર ખાતે મોકલાયા છે,

### 15 બાળકોના રિપોર્ટમાંથી 7ના રિપોર્ટ નેગેટિવ આવ્યા

પંચમહાલ, દાહોદ તથા મધ્યપ્રદેશ થી ગત સપ્તાહે શંકાસ્પદ વાયરસનાં લક્ષણો ધરાવતા બાળ દર્દીઓ સારવાર અર્થે એસ.એસ.જી.હોસ્પિટલમા દાખલ કરાયા હતા જેમાંથી 15 બાળકોના રિપોર્ટ ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા હતા જેમાંથી 7 બાળકોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે જ્યારે બીજા રિપોર્ટ હજી આવવાના બાકી છે. હાલમાં પંચમહાલ અને દાહોદના ત્રણ બાળ દર્દીઓ શંકાસ્પદ સેન્ડફ્લાય વાયરના લક્ષણો ધરાવતા હોય જેમાંથી બે બાળકો આઇ.સી.યુ.મા સારવાર હેઠળ છે જ્યારે એક બાળકને આઇ.સી.યુ.માથી વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યું છે.દાહોદ જિલ્લાના રિયાન મુનિયા નામના એક વર્ષના બાળકનું શનિવારે મૃત્યુ નિપજ્યું છે -**ડો.આશ્રુતિ -નોડલ ઓફિસર,એસ.એસ.જી.હોસ્પિટલ, વડોદરા**

**માટીના ઘરમાં આ પ્રકારની માખી જન્મ લે છે :** દાહોદમાં સેન્ડ ફલાય માખીનો ત્રાસ વધી રહ્યો છે, ત્યારે સેન્ડ ફલાય માખીના કારણે એક બાળકનું મોત થયું છે, તો અન્ય ચાર બાળકો સારવાર હેઠળ છે. પંચમહાલ અને દાહોદથી બાળકને દાખલ કરવામાં આવ્યા હતા અને તેના કારણે મોત થયું હોવાની વાત સામે આવી છે. પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આ માખીનો ત્રાસ વધારે જોવા મળ્યો છે, માટીના ઘરમાં આ પ્રકારના સેન્ડફ્લાય જન્મ લે છે અને તે 8 વર્ષથી નાના બાળકો હોય છે તેને જલદીથી અસર કરે છે, બાળકને આ માખી કરડે એટલે તેને તાવ, ઝાડા-ઉલ્ટી થાય છે, ઘણીવાર આવા બાળકોને સારવાર મળે તે પહેલા પણ મોત થતા હોય છે.

ટોળાએ મેથીપાક ચખાડ્યો, નશામાં ધૂત ચાલક સહિત બેને ઝડપી પાડ્યા

# પાણીગેટમાં મોડી રાત્રે ફરી રક્ષિત કાંડ સર્જાતા રહી ગયો

**ચિક્કાર દારૂનો** નશો કરેલી હાલતમાં ચાલકે કાર ચલાવી મહિલાને અડફેટે લીધા બાદ થાંભલા સાથે ભટકાવી દીધી



(પ્રતિનિધી) વડોદરા તા.5

શહેરના કારેલીબાગ વિસ્તારમાં હોળીના રાત્રે રક્ષિત ચોરસિયાએ ગાંજાનો નશો કરીને ફૂલ ઝડપે કાલ દોડાવી ત્રણ મોપેડ પર સવાર 8 લોકોને હવામાં ફંગોળ્યા હતા . જેમાં એક મહિલાનું કરુણ મોત નીપજ્યું હતું. ત્યારે આ ચકચારી બનાવ બાદ પણ વડોદરા શહેર પોલીસ નું તંત્ર હજુ પણ ઓવર સ્પીડમાં તેમજ નશો કરેલી હાલતમાં વાહન ચલાવનાર લોકો પર અંકુશ મેળવવામાં સદંતર નિષ્ફળ નિવૃત્તિ હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

નશો કરેલી હાલતમાં વાહન ચલાવનાર શખ્સોને પોલીસનો સહેજ પણ ડર રહ્યો ન હોય તેમ બિન્દાસ રીતે તેઓ પોતાના વાહનો પૂર ઝડપે દોડાવી રહ્યા છે. અકસ્માતની ઘટનાઓ પણ સામે આવી રહી છે. ત્યારે ચાલકે નશો કરેલી હાલતમાં ઓવર સ્પીડમાં કાર ચલાવતા પાણીગેટ વિસ્તારમાં અકસ્માત થયો હતો. 4 જુલાઈના રોજ મોડી રાત્રિના સમયે મોહરમના તહેવારને લઈને પાણીગેટ વિસ્તારમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો ભેગા થયા હતા. ત્યારે આ દારૂનો નશો કરેલી હાલતમાં ચાલકે પૂરઝડપે પોતાની કાર દોડાવી હતી. જેમા એક મહિલાને અડફેટે લીધા બાદ કાર વીજ થાંભલા સાથે અથાડી દીધી હતી.એક મહિલાનો સામાન્ય ઈજાઓ સાથે આબાદ બચાવ થયો હતો. નશો કરેલી હાલતમાં જણાયેલા કાર ચાલકને કેટલાક લોકોએ મેથીપાક પણ ચખાડ્યો હતો. લોકોએ ચાલકની પૂછપરછ કરતા કાર તેની બાજુમાં બેઠેલા તેના મિત્રની હોવાનું જણાવ્યું હતું. પાણીગેટ પોલીસે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવનો ગુનો નોંધી કારચાલક પ્રેમ યોગેશભાઈ વસાવા અને વિજય ઉકેડભાઈ રાઠોડને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

10 ડીસીપી, 20 એસીપી અને પીઆઇ સહિત 2000 ઉપરાંત જવાનો તૈનાત રહેશે

# આજે પોલીસ બંદોબસ્ત વચ્ચે 196 તાજીયાના જુલૂસ નિકળશે

**ચાર** દરવાજા વિસ્તારમાં જુલુસ દરમિયાન ડીજે નહીં વગાડવા અપીલ

**સરસીયા** તળાવ સહિત નવ જગ્યા પર તાજિયા ઠંડા કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

શહેરમાં વસતા મુસ્લિમ બિરાદરો દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ભારે ઉત્સાહ સાથે મહોરમના તહેવારની ઉજવણી કરવામાં આવતી હોય છે. આ વર્ષે મુસ્લિમ સમાજના લોકો દ્વારા વિવિધ વિસ્તરણ 196 તાજીયા બેસાડવામાં આવ્યા છે. ત્યારે આજે કતલની રાત આવતી કાલે 26 જુલાઈના રોજ તાજિયાના જુલૂસ નિકળશે અને સરસિયા તળાવ સહિત 9 જેટલી જગ્યા પર તાજીયા ઠંડા કરવામાં આવશે. આ તાજિયાના જુલૂસ તથા તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે પોલીસે વિભાગ દ્વારા તાજીયા કમિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતના વિભાગ સાથે બેઠક યોજવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન સંકલન કરીને તાજિયાના વિસર્જન માટે તરાપા તથા જેટિંગ મશીન સહિતના સાધનોની પણ વ્યવસ્થા કરાઈ છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે મહોરમના તહેવારને લઈને 9 DCP, 13 ACP, 2 હજાર જેટલા પોલીસ કોન્સ્ટેબલ, 200 PI અને PSI કક્ષાના અધિકારીઓ બંદોબસ્તમાં જોડાશે. જ્યારે બહારથી 1 DCP, 7 ACP, 15 જેટલા PI અને PSI કક્ષાના અધિકારી અને ચાર એસઆરપીએફની કંપની પણ તૈનાત કરવામાં આવશે. ઉપરાંત રેપિડ એક્શન ફોર્સ પણ ખડે પગે ફરજ બજાવશે. ત્યારે શહેરના તેમજ બહારથી બોલાવવામાં આવેલા અધિકારી અને કર્મચારીઓ મળી બે ઘર ઉપરાંતના જવાનો તાજિયાના બંદોબસ્તમાં ઊભા રહેવાના છે. ત્યારે તેમણે પોલીસના એક્શન પ્લાન અંગે માહિતગાર કરીને સંવેદનશીલ વિસ્તાર, ધાબા અને ડીપ પોઈન્ટ પર મોકલી દેવાશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે સરસિયા તળાવ સહિતની અલગ અલગ જગ્યા પર વરુણ, વજ્ર અને એન્ટી રાઈટ ટીમ તૈનાત રહેશે. ફાયર સર્વિસની સાથે સાથે એસ ડી આર એફની ટીમ હાજર રહેશે. તાજીયા રુટ દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેના માટે નો પાર્કિંગ,નો એન્ટ્રી તથા પ્રતિબંધિત રસ્તો સાથે નું જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઘર બેઠા લર્નિંગ લાયસન્સની પરીક્ષા આપી શકાશે

# 7 જુલાઈથી ફેસલેસ લર્નિંગ લાઈસન્સ સેવાનો પ્રારંભ થશે

**સમાંતર** લર્નિંગ લાઇસન્સ મેળવવાની જૂની પદ્ધતિ પણ ચાલુ રહેશે

( પ્રતિનિધિ )વડોદરા,તા.5

ડ્રાઈવિંગ લાઈસન્સ એ વાહન ચલાવતા દરેક વ્યક્તિ માટે મહત્વપૂર્ણ દસ્તાવેજોમાંનું એક છે. તેના વગર વાહન ચલાવવાથી દંડ ભરવાનો વારો આવી શકે છે. જો વાહન ચલાવતા શીખી રહ્યા હોવ તો પણ તમારી પાસે લર્નિંગ ડ્રાઈવિંગ લાઈસન્સ હોવું જરૂરી છે. લર્નિંગ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે એક ટેસ્ટ આપવો પડે છે. આથી ઘણા લોકો લર્નિંગ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાનું ટાળે છે અને આવા કિસ્સાઓમાં તેમને ઘણી વખત ચલણ પણ ભરવું પડે છે.

ટેસ્ટ આપવા માટે આરટીઓ કચેરીમાં જવું અને લાંબી લાઈનમાં ઉભા રહેવું એ લોકો માટે મોટી સમસ્યા બની જાય છે. પરંતુ લર્નિંગ લાયસન્સ માટે હવે ઓનલાઈન અરજી કરી શકાય છે. રાજ્યમાં 7 જુલાઈથી ફેસલેસ લર્નિંગ લાઈસન્સ સેવાનો પ્રારંભ થશે. જેમાં તમે ઘરે બેઠા જ અરજદારો ઓનલાઈન લર્નિંગ લાઈસન્સની પરીક્ષા આપી શકશે. સમાંતર લર્નિંગ લાઈસન્સ મેળવવાની જૂની પદ્ધતિ પણ ચાલુ રહેશે. ઘરે બેઠા લર્નિંગ લાઈસન્સ બનાવવા માટે સૌ પ્રથમ પરિવહન મંત્રાલયની ઓફિશિયલ વેબસાઈટ https://sarathi.parivahan.gov.in/ પર જવું પડશે. ત્યારબાદ તમારે તમારું રાજ્ય પસંદ કરવું પડશે. પછી તમારે અપ્લાય ફોર લર્નર લાઈસન્સના ઓપ્શન પર ક્લિક કરવું પડશે. અહીં તમારે તમારા આધાર કાર્ડ નંબર દ્વારા અપ્લાયના ઓપ્શન પર ક્લિક કરવું પડશે. આમાંથી તમારે એ પણ પસંદ કરવું પડશે કે તમે ટેસ્ટ ઘરે બેઠા આપશો કે પછી આરટીઓ ઓફિસ જઈને.

હોસ્પિટલમાં આવતા-જતા દર્દીઓને શરીર પર વરસાદી પાણી ઉડતા રોષ

# SSG હોસ્પિટલમાં વરસાદી પાણીનો નિકાલ નહીં થતા દર્દીઓને હાલાકી

**લાખો રૂપિયાના** ખર્ચે કરેલી આરસીસી લેવલની કામગીરીમાં વેઠ ઉતારતા સત્તાધીશોની ઘોર બેદરકારી





(પ્રતિનિધી) વડોદરા, તા.5

શહેરના સયાજી હોસ્પિટલ કેમ્પસ તથા બરોડા મેડીકલ કોલેજના ગેટ પાસે જ વરસાદના પાણીનો નિકાલ નહીં થતા હોસ્પિટલમાં આવતા જતા દર્દીઓ તથા તેઓના સગાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને વાહનો પસાર થાય તો તેઓના શરીર પર પાણીના છાંટા ઉડે છે.

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ કેમ્પસ અને મેડીકલ કોલેજ પરિસરમાં વરસાદી પાણી નહીં ભરાય તે માટે નવો આરસીસી રોડ તૈયાર કરી વરસાદી પાણી નહીં ભરાય તે માટે લેવલ કરવામાં આવ્યું હતું પરંતુ આજે પાણી ભરાતા હોસ્પિટલમાં આવતા જતા દર્દીઓ તથા તેઓના સગાઓને આવવા જવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો બાઈક, કાર અથવા એમ્બ્લુયલન્સ પસાર થાય તો દર્દીઓ અને તેઓના સગાઓના શરીર ઉપર પાણી ઉડતું જોવા મળ્યું હતું અને તેઓ રોષે ભરાયા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે લાખો રૂપિયાના ખર્ચે મેડીકલ કોલેજ અને સયાજી હોસ્પિટલ પરિસરમાં આરસીસી લેવલની કામગીરીમાં સત્તાધીશોને ઘોર બેદરકારી છતી થઈ હતી. જ્યારે અહિયાથી પસાર થતા ડીન, સુપરિન્ટેડન્ટ, આરએમઓ તથા ઈન્ચાર્જ આંખા આડા કાન કરી રહ્યા છે તેવુ સ્પષ્ટ દેખાઈ આવે છે.

# લાંચના ગુનામાં 2 આચાર્ય અને 2 નિવૃત્ત શિક્ષક જેલ ભેગાં

**ઓડિટ** કરનાર આરોપી મહિલા હજુ પણ પોલીસ પકડથી દૂર

(પ્રતિનિધી) વડોદરા તા.5

ડભોઈ તાલુકાની પ્રાથમિક શાળામાં ગ્રૂપ આચાર્ય ફરજ બજાવતા અરજદાર તેમની શાળાના વર્ષના ઓડિટમાં કોઈ ક્વેરી ન કાઢવા માટે વસઈ ગ્રુપ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા ઘનશ્યામ ભુપેન્દ્ર પટેલે ઓડિટરને રૂ.40 હજાર આપવા માટે ડભોઈ તાલુકાના તમામ ગ્રુપ આચાર્ય પાસે રૂ.2 હજારની લાંચની માંગણી કરી હતી. ત્યારબાદ વડોદરા એસીબીની ટીમે લાંચના રૂ.2 હજાર સ્વીકારતા ઘનશ્યામ ભુપેન્દ્ર પટેલ, બુદ્ધિસાગર સોમા પટેલ, મહેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકી તથા મુકુંદ બાબુ પટેલ રંગે હાથ ઝડપી પાડ્યાં હતા. જ્યારે ઓડિટર મહિલા જયશ્રીબેન સોલંકીની શોધખોળ કરાઈ રહી છે. દરમિયાન 3 જુલાઈના રોજ ચાર આરોપીઓની વધૂ પૂછપરછ કરવા એસીબી દ્વારા ચાર જણામે કોર્ટમાં રજૂ કરાયા હતા અને 5 દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી ત્યારે કોર્ટ દ્વારા 5 જુલાઇ સુધીના બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર થયા હતા. એસીબીની ટીમ દ્વારા ચાર આરોપીઓના ઘરમાં સર્ચ કરાયું હતું ત્યારે કોઇ મુદ્દામાલ મળી આવ્યો નથી. દરમિયાન આજે 5 જુલાઈના રોજ આરોપીઓના રિમાન્ડ પુરા થતા હોય એસીબીની ટીમ દ્વારા ફરી કોર્ટમાં રજુ કરવામાં આવશે. ત્યારે આરોપીઓના ફરધર રિમાન્ડ મંજૂર કરવામાં આવે છે કે પછી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવે છે તે જોવું રહ્યું. ઉમેરો ત્યારે કોર્ટ દ્વારા ચારેય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે.

અધિકારીઓને રજૂઆત છતાં કોઈએ કામ ના કર્યું

# તંત્રની બેદરકારીથી બાળકનો હાથ ભાંગ્યો નાગરિકે જાતે પૈસા ખર્ચીને ખાડા પૂર્યા

**ભાયલી** રાયપુરા તરફ જવાના માર્ગે ખાડાના કારણે બાઈક પર સવાર પરિવારને અકસ્માત સર્જાયો હતો



(પ્રતિનિધી) વડોદરા,તા.5

ભાયલી વિસ્તારમાંથી રાયપુરા જતા માર્ગની હાલત પણ આ જ પ્રકારની હોય અને ખાડા ના કારણે એક પરિવાર આ માર્ગ પર થી પસાર થઈ રહ્યો હતો, તે દરમિયાન ખાડાના કારણે વાહનનુ સંતુલન બગડતા બાઈક પર સવાર પરિવાર ખાડામાં પડી જતા બાળકનો હાથ ફ્રેક્ચર થયો હતો. આની જાણ પૂર્વ સરપંચ અને હાલ ભારતીય જનતા પાર્ટીના વડોદરા શહેરના કારોબારી સભ્ય અરવિંદભાઈ પટેલને થતા તેઓ દ્વારા વોર્ડ નંબર 10ના નગરસેવકોને આ ખાડાઓ અંગે પૂરાણ કરવા માટેની જાણ કરવામાં આવેલ હતી. તેઓ દ્વારા જાણ કરેલ હોવા છતાં તેઓની સમસ્યાનું સમાધાન ન આવતા આજરોજ અરવિંદભાઈ પટેલ દ્વારા સ્વખર્ચે ખાડા પૂરવાની કામગીરી કરવામાં આવી હતી અને સ્થાનિક કોર્પોરેટરોને તથા વડોદરા મહાનગર પાલિકાને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### બાળકોમાં ડાયાબિટીસનું જોખમ ઘટાડવા શાળાઓમાં સુગર બોર્ડ લાગશે

(પ્રતિનિધી) વડોદરા,તા.5

બાળકોમાં ખાંડના સેવનનું નિરીક્ષણ કરવા અને ઘટાડો કરવા માટે સ્કૂલોમાં સુગર બોર્ડની સ્થાપના કરવા બાબતે ગુજરાત શિક્ષણ બોર્ડે તમામ ડીઈઓને પરિપત્ર કરીને આદેશ કર્યો છે. જે મુજબ તમામ સ્કૂલોમાં વિવિધ ખાદ્ય પદાર્થો અને પીણાંમાં કેટલી માત્રામાં સુગર હોય છે તેનાથી બાળકોને અવગત કરાવાશે.

ગુજરાત શિક્ષણ બોર્ડના જણાવ્યાનુસાર બાળકોમાં ટાઈપ-2 ડાયબિટીસનું પ્રમાણ વધ્યુ છે. વધુ પડતા ખાંડના સેવનને લીધે ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે. જેથી સુગરનો વધુ પડતો વપરાશ ઘટાડવા અને બાળકોમાં દાંતની સમસ્યાઓ ઘટાડવા તેમજ મેટાબોલિક વિકૃતિઓમાં પણ ઘટાડો કરવા માટે સ્કૂલોમાં સુગર બોર્ડ બનવુ જોઈએ. દરેક સ્કૂલોએ આ મુદ્દે સેમિનાર-વર્કશોપ પણ યોજવાના રહેશે.

હોસ્પિટલમાં ફોગીંગ, દવાનો છંટકાવ કરાયો

# સયાજી હોસ્પિટલમાં 10 રેસિડેન્ટ તબીબો સહિત 13ને ડેન્ગ્યુ પોઝિટીવ

**દરરોજના** 1800 થી 2000 દર્દીઓ સાથે ઓપીડી માં વધારો

**શનિવારે** સાત જેટલા ડેન્ગ્યુના પોઝિટિવ કેસો નોંધાયા



(પ્રતિનિધિ) વડોદરા તા. 05

ચોમાસાની ઋતુમાં શહેરના એસ.એસ.જી. હોસ્પિટલના મેડિકલ કોલેજના દસ રેસિડેન્ટ તબીબો સહિત ગત સપ્તાહે કુલ 13 લોકોના ડેન્ગ્યુ પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે જ્યારે શનિવારે વધુ 7 દર્દીઓ ડેન્ગ્યુ પોઝિટિવ જણાયા છે જેના કારણે આરોગ્ય વિભાગ અને પાલિકાના તંત્ર દ્વારા સંયુક્ત રીતે એસ.એસ.જી. હોસ્પિટલમાં યુધ્ધના ધોરણે સફાઈ, ફોગીંગ,દવા છંટકાવ સહિતના પગલાં લેવામાં આવ્યાં છે.

મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ એટલે વડોદરા શહેરની એસ.એસ.જી.હોસ્પિટલ કે જ્યાં ગુજરાત રાજ્ય સિવાય મધ્યપ્રદેશ, રાજસ્થાન મહારાષ્ટ્ર સહિતના રાજ્યના જરુરિયાતમંદ દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે સાથે જ અહીં મેડિકલ કોલેજમાં ઈન્ટર્ન તબીબો,રેસિડેન્ટ ડોક્ટર્સ પણ રહે છે જેઓ દર્દીઓની સારવાર કરે છે પરંતુ હાલમાં ચોમાસાની ઋતુમાં દર્દીઓને સારવાર આપતા એસ.એસ.જી.હોસ્પિટલના જ દસ જેટલા દર્દીઓ ડેન્ગ્યુ પોઝિટિવ આવ્યા હતા જેમાંથી એક રેસિડેન્ટ તબીબ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે બીજા રેસિડેન્ટ તબીબો પોતાના વતનમાં સારવાર લઈ રહ્યા છે જ્યારે અન્ય ત્રણ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે ત્યારે શનિવારે વધુ સાત જેટલા ડેન્ગ્યુના પોઝિટિવ કેસો આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. હાલમાં ચોમાસાની ઋતુમાં એસ.એસ.જી.હોસ્પિટલમા ઓપીડી દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે દરરોજના 1800 થી 2000 દર્દીઓ ઓપીડીમા નોધાઈ રહ્યા છે.

### હોસ્પિટલનું આરોગ્ય વિભાગ તથા પાલિકા તંત્ર દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે



ગત સપ્તાહે એસ.એસ.જી.હોસ્પિટલના 10 રેસિડેન્ટ તબીબો સહિત કુલ 13 લોકોના ડેન્ગ્યુ પોઝિટિવ આવ્યા છે જ્યારે શનિવારે સાત જેટલા ડેન્ગ્યુના પોઝિટિવ કેસો નોંધાયા છે. એસ.એસ.જી.હોસ્પિટલમા નવી કંસ્ટ્રકશન સાઇટ તથા બિલ્ડિગની આસપાસ વરસાદી પાણી સહિત અન્ય કારણોસર મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે ત્યારે વડોદરા મહાનગરપાલિકા તંત્ર સાથે હોસ્પિટલના આરોગ્ય તંત્ર દ્વારા દવાનો છંટકાવ, સ્વચ્છતા, ફોગીંગ સહિતની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે અને જ્યાં પણ પાણી ભરાઇ રહેતા હોવાની શક્યતા, સ્વચ્છતા વિગેરેની જરુરિયાત હશે ત્યાં કામગીરી કરવામાં આવી રહી છે દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. -**ડો.હિતેન્દ્ર ચૌહાણ,આર.એમ.ઓ., એસ.એસ.જી.હોસ્પિટલ, વડોદરા**

# ગોત્રીમાં ધોળા દિવસે 7 લાખની મતાની ચોરી કરનાર ઝડપાયો

**પોલીસે** આણંદ જિલ્લાના વાસખિલીયા ગામેથી દબોચી રૂ.10.06 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.5

શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી ધોળા દિવસે રૂ.7 લાખ ઉપરાંત દાગીના અને રોકડ રકમી ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયો હતો. જેથી ગોત્રી પોલીસે ચોરને આણંદ જિલ્લાના વાસખીલીયા ગામેથી ઝડપી પાડ્યો હતો. ચોર પાસેથી રૂ.10.06 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાંથી આવેલા બંધ મકાનમાં ગત 29 જૂના રોજ ધોળા દિવસે તસ્કર બારી ઉપર ચડીને લોખંડની ગ્રીલ તોડ્યા બાદ ઘરમાં ઘુસ્યો હતો. ત્યારબાદ નીચેના માળે આવી રૂમમાં મૂકેલી તીજોરી કોઈ સાધન વડે તાળુ તોડી ડ્રોઅરમાં મુકેલા સોનાના 15 તોલના દાગીના અને ચાંદીના ઘરેણા મળી રૂ. 2.28 લાખ તથા રોકડ રકમ રૂ.5 લાખ માલમતાની ચોરી કરી ચોર ફરાર થઈ ગયો હતો. ગોત્રી પોલીસે ઘરમાં ચોરી કરનાર તસ્કરને ઝડપી પાડવા માટે હ્યુમન તથા ટેક્નીકલ અને સીસીટીવી ફુટેજના આધારે શોધખોળ શરૂ કરી હતી. ત્યારે ગોત્રીમાં ચોરી કરનાર શખ્સ આણંદ જિલ્લાના વાસખીલીયા ગામે રહેતો હોવાની વિગતો મળી આવી હતી. જેથી ગોત્રી પીઆઈ આર એન પટેલ દ્વારા એક ટીમ આણંદ જિલ્લાના વાસખિલિયા ગામે રવાના કરી હતી ત્યારે આ ટીમે આરોપીને વિશાલ મનુ પટેલને ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા ચોર પાસેથી સોના ચાંદીના દાગીના, રોકડ રકમ, મોપેડ અને ચોરી કરવા માટે સાધનો સહિત રૂ.10.06 લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સક્ષમ શાળા કાર્યક્રમ અંતર્ગત

# યુનિસેફ કન્સલ્ટન્ટે વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓની મુલાકાત લીધી

(પ્રતિનિધી) વડોદરા, તા.5

ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં સક્ષમ શાળા કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત વડોદરા જિલ્લાની તમામ શાળાઓ ધ્વારા રજીસ્ટ્રેશન, શાળા ડેટા અપલોડિંગ, મુખ્ય અને સબ કેટેગરીમાં એપ આધારિત રેન્કિંગ, ૪ સ્ટાર અને ૫ સ્ટાર શાળાઓના ક્રોસ વેરિફિકેશન, એપ આધારિત ઓવરઓલ કેટેગરી સિલેકશન અને સબ કેટેગરી સિલેકશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

આ તબક્કે યુનિસેફ, ગાંધીનગર ખાતેથી કન્સલ્ટન્ટ ક્રતી જૈન એ 4 જુલાઈ, 2025 ના રોજસક્ષમ શાળા કાર્યક્રમ અંતર્ગત વાઘોડિયા તાલુકાની રસુલાબાદ ન.વ. પ્રાથમિક શાળા, મઢેલી પ્રા.શાળા અને ડભોઈ તાલુકાની વણાદરા પીએમ શાળાની



મુલાકાત લીધી હતી. જિલ્લા કક્ષાએથી ADPC રાકેશ સુથાર, વાઘોડીયા BRC Co. રાજેશભાઈ પટેલ અને TRP રાજુભાઈ જાદવ શાળા મુલાકાતમાં જોડાયા હતા.

શાળા મુલાકાતમાં મુખ્યત્વે શાળાએ મેળવેલ સ્કોર, સેનિટેશન સ્વચ્છતા, દિવ્યાંગ બાળક માટે ની એક્સેસિબિલિટી, વર્મી કમ્પોસ્ટ ની પ્રવૃત્તિ, શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના, સ્કૂલ સેફ્ટી માટેની સુવિધા, શાળા પુસ્તકાલય, કોમ્પ્યુટર રૂમ, વિજ્ઞાનખંડ, નવી આપવામાં આવેલ

# જનજાગૃતિ અભિયાન દ્વારા પ્રતાપરાવ ભોઈટેનું સન્માન



(પ્રતિનિધી) વડોદરા, તા.5

જનજાગૃતિ અભિયાન, વડોદરાના મેનેજિંગ ટ્રસ્ટી અને અન્ય ટ્રસ્ટીઓ સરલાબેન ભટ્ટ, લાયન રાજેન્દ્ર શાહ, મીનાક્ષી શાહ તથા વ્યોમેશ દવેની ઉપસ્થિતિમાં ગવર્નમેન્ટ સર્વન્ટ્સ કો. ક્રેડીટ સોસાયટી લિમિટેડના પ્રમુખ લાયન પ્રતાપરાવ ભોઈટને મહારાજાની પ્રતિમાં ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે જનજાગૃતિ અભિયાન, વડોદરાના કાર્યક્રમ સંયોજક જોરૂભાઈ ખાચરે જણાવ્યું હતું કે જનજાગૃતિ અભિયાન, વડોદરાની સ્થાપના કારગીલ યુદ્ધ સમયે પ્રજામાં જાગેલ દેશપ્રેમ અને એકતાનો જુવાળ, વિશેષ કરીને યુવા વર્ગમાં, બની રહે તેવા આશયથી કરવામાં આવી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે મહારાજા સયાજીરાવ (તૃતીય) આ સંસ્થાના સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મનહરભાઈ શાહે ચાર મહિનાના ટૂંકા સમયમાં આ રૂ.૧૫.૦૦ લાખ જેવી માતબર રકમ એકઠી કરી,મહારાજાની પ્રતિમા તૈયાર કરાવી સંત મોરારિ બાપુના વરદ હસ્તે મ. સ. વિશ્વવિદ્યાલયને ભેટ અપાવી હતી.